૪૦૨ / ૧૦,૪૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)

(સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૨** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાનાં નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવેશ - આઠમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૪ ગુણ)

૧. ''એંઠવાડ ખાઈને સત્સંગમાં પડ્યો રહું પણ છોડું નહીં.'' ૫૮

૨. ''ગઢપુરમાં સમૈયો છે તે મહારાજનાં દર્શન પણ નહીં થાય.'' ૩૦

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)

૧. ભાઈ આત્માનંદ સ્વામીએ પધરામણીમાં જવાની ના કહી. ૨૭

૨. મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પોતાના પ્રભુ કહ્યા. ૧૫

**પ્રશ્ન.૩. નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૧૫ લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણાત્મક)** (૫ ગુણ)

૧. પ્રભાશંકરની આજ્ઞાપાલનની દઢતા. (૫૬-૫૭) ૨. જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી (૪૬-૪૭) ૩. સગરામ (૧૧)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૫ ગુણ)

૧. હજામનો થેલો કોણે પકડી લીધો ? ૬૩

૨. ક્યા મંદિર માટે લખણી થતી હતી ? ૩૪

૩. તિલક-ચાંદલો કરવાથી કયું બળ આવે છે ? ૩

૪. સત્સંગનું સુખ કોના વગર ન આવે ? ૬૭

૫. તીર્થોમાં વિચરણ કરતાં ઘનશ્યામ કયા નામે ઓળખાયા ? ૭૧

**પ્રશ્ન.૫ નીચેની 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** (૬ ગુણ)

૧. કરોડ રૂપિયા ખર્ચે......... (૬૫) **અથવા** ૧. પ્રહલાદજીએ......... (૭૦)

**પ્રશ્ન.૬. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** (૮ ગુણ)

૧. છપૈયાપુરમાં ......... નામ ધરાવતા હો. ૭૧

૨. અનંત-કોટીન્દુ ......... નમામિ. ૧૭

૩. ભક્તિ એ જ ......... રોમ ભરી. ૩૨

૪. અંતરકપટ ......... કારજ સીજે. ૧૬

### વિભાગ-૨ : શાસ્ત્રીજી મહારાજ - નવમી આવૃત્તિ, મે ૨૦૦૧

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૪ ગુણ)

૧. ''તેથી સ્વામી તો મારા ગુરુ છે.'' ૫૯

૨. ''ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કેવી રીતે થાય ?'' ૨૨

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)

૧. ગુજરાતના હરિભક્તોએ ગોરધનભાઈ કોઠારીને કાગળ લખ્યો. ૪૧

૨. યજ્ઞપુરુષદાસજી સાચા ગુરુભક્ત હતા. ૩૫

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક** (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૨ માધ્યમ : ગુજરાતી સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦)

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. **૪૦૨**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- | | | | | |

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- | | | |

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. નીચેના કોઈપણ એક પ્રસંગ ઉપર પંદરેક લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. અંતર ચોખ્ખાં કરવાની સાવરણી. (૩૦) ૨. દીક્ષા મહોત્સવ (૧૮) ૩. વિષમ દેશકાળ (૪૮)

**પ્રશ્ન.૧૦.નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૫ ગુણ)**

૧. વરતાલમાં બપોરની સભામાં ભીમજીભાઈએ શું કહ્યું ? ૪૬

૨. અમદાવાદમાં પારાયણ ક્યારે થઈ હતી ? ૭૮

૩. શાસ્ત્રીજી મહારાજનો જન્મ કઈ તારીખે, કેટલા વાગ્યે થયો હતો ? ૨

૪. સૌ પ્રથમ સમાધિ કોને અને ક્યાં થઈ ? ૭૫

૫. સારંગપુરમાં બંધાતા મંદિર માટે વિરોધીઓ શું કહેતા હતા ? ૬૫

**પ્રશ્ન.૧૧.આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **(૬ ગુણ)**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવામાં કોની કોની મરજી હતી ? ૩૮

(અ) સાધુ કેશવજીવનદાસ (બ) યોગેશ્વરદાસ સ્વામી (ક) ધર્મસ્વરૂપ સ્વામી (ડ) બાલમુકુંદ સ્વામી

૨. સ્પષ્ટવક્તા સ્વામીશ્રી. ૬૭

(અ) નરનારાયણ દેવની મૂર્તિઓ ક્યાં પધરાવશો ? (બ) આ તો ગોપીનાથજીનો દેશ છે.

(ક) આ મૂંડાવ્યું પણ તેમના માટે જ છે. (ડ) મધ્યમંદિરમાં તો ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજની જ મૂર્તિઓ બેસશે.

૩. દુર્ગપુરમાં ભવ્ય મંદિરનું ખાત મુહૂર્ત. ૮૬

(અ) અમારી મૂર્તિ અમારા ભક્ત સહિત બેસશે. શ્રીજીમહારાજનો સંકલ્પ.

(બ) શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને જમીન ન આપવાનો રાજ્યનો ઠરાવ.

(ક) ગઢડાનું મંદિર હિંદનાં તમામ મંદિરોમાં શ્રેષ્ઠ અને સર્વોપરી બનશે.

(ડ) જિલ્લા કલેક્ટર તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમા નિમાયા.

**પ્રશ્ન.૧૨.નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. પ્રથમ મંદિરની સેવામાં જોતજોતામાં ચાલીસ હજાર રૂપિયા લખાઈ ગયા. ૫૫

૨. યજ્ઞપુરુષદાસજીને અમે પરમ એકાંતિક સમજીએ છીએ. ૨૬

૩. આણંદમાં કેશવલાલે સ્વામીશ્રીને ટિકિટ કઢાવી આપી. ૭૨

૪. અટલાદરાના મથુરભાઈ બોચાસણના હીરાભાઈ જેવા હતા. ૮૦

## વિભાગ-૩ : સત્સંગ પ્રારંભ પરીક્ષાનાં પુસ્તકોના આધારે

**પ્રશ્ન.૧૩.નીચેનામાંથી કોઈપણ ત્રણ વિષયો પર ટૂંકનોંધ લખો.** **(૧૫ ગુણ)**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. લક્ષ્મીજીને વરદાન (૧૦) | **અથવા** | ઘનશ્યામને જનોઈ આપી (૫૩) | **અથવા** | કંદોઈને પરચો (૩૩) |
| ૨. સમયનો સદ્ઉપયોગ (૬) | **અથવા** | યોગીજી મહારાજનો ઉપદેશ (૪૮) | **અથવા** | નિઃસ્પૃહી સંત (૨૦) |
| ૩. જોધો ભરવાડ (૨૩) | **અથવા** | પૂંજા ડોડિયો (૪૧) | **અથવા** | ભગવાનની ભેટ (૧) |

**નોંધ : ઉપરોક્ત પ્રશ્ન. ૧૩માં જે ટૂંકનોંધોની યાદી છે તેમાંથી ત્રણ ટૂંકનોંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋